# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૭/૧૦/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## સુરતના નવા પોલીસ કમિશનર શ્રી રાજેન્દ્ર બ્રહમભટ્ટ અને મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધી પાનીનો ચેમ્બરમાં સન્માન સમારોહ યોજાયો

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવારે, તા. ૧૭ ઓકટોબર ૨૦૧૯ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે સુરત શહેરના નવા પોલીસ કમિશનર શ્રી રાજેન્દ્ર બી. બ્રહમભટ્ટ (આઇ.પી.એસ.) અને મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધી પાની (આઇ.એ.એસ.)ના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સમારોહમાં ચેમ્બર ઉપરાંત ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત વિવિધ સંગઠનોના પ્રતિનિધીશ્રીઓએ બંને અધિકારીશ્રીઓનું સન્માન કર્યુ હતુ. આજે ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇની પણ વર્ષગાંઠ હોવાથી બંને અધિકારીશ્રીઓએ તેઓને પણ જન્મદિનની શુભેચ્છા પાઠવી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, સુરતમાં ઔદ્યોગિક ક્ષેત્રે અને સામાજિક ક્ષેત્રે વિકાસ થઇ રહયો છે. સુરતમાં અધિકારીઓની સારી કામગીરીને કારણે દેશના વિવિધ ખૂણેથી લોકો આવીને સુરતમાં વસી રહયાં છે અને રોજગારી મેળવી રહયાં છે. હાલ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી કપરા સમયમાંથી પસાર થઇ રહી છે ત્યારે ભવિષ્યમાં ઇન્ડસ્ટ્રીને કોઇ તકલીફ નહી પડે તેવી કાર્યવાહીની લાગણી તેમણે બંને અધિકારીશ્રીઓ સમક્ષ વ્યકત કરી હતી.

સુરતના નવા પોલીસ કમિશનર શ્રી રાજેન્દ્ર બ્રહમભટ્ટે ઇન્ડસ્ટ્રીના લોકોને સંબોધતા જણાવ્યુ હતુ કે, લોકો સવારથી સાંજ સુધી મને આવીને મળે છે અને કોઇપણ સ્વાર્થ વગર શુભેચ્છા આપીને કંઈ કામ હોય તો સાહેબ કહેજો એમ કહીને જાય છે એવો માહોલ માત્ર સુરતમાં જ જોવા મળ્યો છે. આવુ અહીંની સારી સંસ્કૃતિને કારણે થાય છે. સુરત ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ સિટી છે. આથી સુરત પોલીસ માટે ઘણી ચેલેન્જ છે. જે શહેરનો વિકાસ થતો હોય ત્યાં બહારથી

લોકો આવીને વસતા હોય છે ત્યારે કલ્ચર મિકસ થવાથી કોઇ કલેશ નહીં થાય તેનુ ધ્યાન રાખવાની જવાબદારી પોલીસની છે.

તેમણે વધુમાં કહયુ કે જે શહેરમાં કલેકટર, પોલીસ કમિશનર અને મ્યુનિસિપલ કમિશનર સાથે મળીને કામ કરે તેનો સીધો ફાયદો પ્રજાને થાય છે. પોલીસ સંબંધિત કોઇપણ પ્રશ્ન હોય તો મને ફોન કરી શકાશે અને રૂબરૂ આવીને પણ મળી શકાશે. પોલીસ પ્રજાની રક્ષા માટે ચોવીસ કલાક હાજર છે. લોકોના સલામતિના પ્રશ્નોનુ નિરાકરણ લાવીશુ અને શહેરને વધુ સલામત કઈ રીતે બનાવીએ તે માટે ભેગા મળીને કામ કરીશુ.

સુરતના નવા મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધી પાનીએ જણાવ્યુ હતુ કે, સુરત આવીને મને આશ્ચર્ય થયુ છે. કારણ કે અત્યાર સુધી સૌરાષ્ટ્ર બેલ્ટમાં કામ કર્યુ હતુ પણ અહીં તો દરેક પ્રાંતના લોકો જોવા મળ્યા છે. શહેરને આગળ વધારવા માટે તમામ લોકો સાથે મળીને કામ કરે છે તે જોઇને વધારે આનંદ થાય છે. અહીંનુ ફૂડ કલ્ચર પણ ખૂબ સરસ છે. વર્ષ ૧૯૬૧ પછી સુરત વસતિની દૃષ્ટિએ ડબલ થાય છે તેમાં ફિઝીકલ ઇન્ફ્રાસ્ટ્રકચર અહીં જે ડેવલપ થયુ છે તે કાબીલે તારીફ છે.

તેમણે વધુમાં કહયુ હતુ કે ટેક્ષ્ટાઇલ, ડાયમંડ અને એન્જીનિયરીંગ હબની જેમ સુરતમાં એરપોર્ટ પણ મોટી ઇવેન્ટ તરીકે વિકસ્યુ છે. પોર્ટ અને કોમર્સની કેપેસિટી સુરત પાસે છે. ભવિષ્યમાં ગ્લોબલ સિટીની ઓળખ સુરતથી પ્રસ્થાપિત થશે. મહાનગરપાલિકા લોકોને સુવિધા આપવાના તમામ પ્રયત્ન કરશે. હાલ અમે ઘણી બધી બાબતો ઉપર કામ કરી રહયાં છે.

શ્રી પાનીએ સિંગલ યુઝ પ્લાસ્ટીકને કાયમ સ્વરૂપે બંધ કરવા માટે લોકો પાસે સહકાર માંગ્યો હતો. જયારે ‘સંવેદના ખુશીનો પટારો’ પ્રોજેકટમાં સહભાગી થવા માટે લોકોને અનુરોધ કર્યો હતો. આ પ્રોજેકટ અંતર્ગત લોકો કપડા અને ખાણીપીણીની ચીજવસ્તુઓ ગરીબ લોકો માટે આપી જાય છે અને મહાનગરપાલિકા ગામડાઓમાં છેવાડાના લોકો સુધી આ વસ્તુઓ પહોંચાડે છે.

શ્રી પાનીના અનુરોધ બાદ ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સમારોહમાં તુરંત જ જાહેરાત કરી હતી કે ‘સંવેદના ખુશીનો પટારો’ પ્રોજેકટ હેઠળ ચેમ્બરના ગ્રાઉન્ડ ફલોર ખાતે આવતીકાલથી સેન્ટર શરૂ કરવામાં આવશે. જયાં લોકો કપડા તથા અન્ય વિવિધ ચીજવસ્તુઓ ગરીબ લોકો માટે આપી જશે, જે ચેમ્બર મહાનગરપાલિકા સુધી પહોંચાડશે.

આ સન્માન સમારોહમાં ચેમ્બરના માનદ્‌ સેક્રેટરી શ્રી ધીરેન થરનારી અને ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલ હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. સમારોહના અંતે ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સમારોહનું સમાપન થયુ હતુ.